# સે-૭/ડીનાં બંધ મકાનમાં તસ્કર ટોળકીનો હાથફેરો

## દરવાજાનો નકુચો તોડીને ૧૦૦ પાઉન્ડ અને ચાંદીના દાગીના તથા રોકડ ઉપરાંત તસ્કરો કપડા પણ ચોરી કરી ગયા..!

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૭-ડી ખાતેના એક બંધ મકાનના દરવાજાનો નકુચો તોડીને તસ્કરો મકાનમાથી ચાંદીના દાગીના તથા પાઉન્ડ અને રોકડ રૂપિયા મળી કુલ રૂ. ૬૪,૨૦૦ની મત્તાની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતા. ૨૪ જાન્યુઆરીથી ૧લી ફેબ્રુઆરી દરમિયાન બંધ કરેલા આ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું હતું. સેકટર-૭ પોલીસે મકાન માલિકની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ સેકટર-૭-ડી પ્લોટ નં. ૧૨૧૦/૨ ખાતે રહેતા પ્રેમાભાઈ મકનભાઈ પટેલ તેમના પરીવાર સાથે ૨૪ જાન્યુઆરીએ મકાનને તાળુ મારીને બહારગામ ગયા હતાં. ૧લી ફેબ્રુઆરીએ સવારે ૯ વાગ્યે આવ્યા ત્યારે જાણ થઈ કે તેમના મકાનનાં મુખ્ય દરવાજાનો નકુચો તુટેલો હતો બંધ મકાનમાં ઘુસીને તસ્કરોએ ઘુસીને ૧૦૦ પાઉન્ડ, ૪ નંગ ચાંદીના પ્યાલા, ચાંદીની ડીશ, પાદુકા, ઓમકારની મૂર્તિ તથા રોકડ રૂ. ૭ હજાર મળીને પાઉન્ડ-રોકડ તથા ચાંદીના દાગીના ઉપરાંત ૪ નંગ સાડી, ૩ ટી શર્ટ, ૪ ચાદર અને એમ્પ્લીફાયર સ્પીકર મળીને કુલ રૂ. ૬૪,૨૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા સે-૭ પોલીસે પ્રેમાભાઈની ફરિયાદ લઈ પીએસઆઈ એમ.એલ. પરમારે વધુ તપાસ શરુ કરી છે.

# આજથી સાયન્સ ટ્રેન ગાંધીનગરમાં

વિજ્ઞાન અંગેની જાણકારી વધુમાં વધુ ફેલાય અને લોકોમાં વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ થઈ શકે તે હેતુથી વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા શરૂ કરાયેલી સાયન્સ ટ્રેન આવતીકાલથી ત્રણ દિવસ માટે ગાંધીનગર આવી રહી છે. ગાંધીનગરના કેપીટલ રેલવેસ્ટેશન ખાતે આ ટ્રેન ત્રણ દિવસ સુધી રોકાણ કરશે. સવારે ૧૦ થી સાંજે ૬.૦૦ દરમ્યાન વિદ્યાર્થીઓ અને વસાહતીઓ આ ટ્રેનની મુલાકાત લઈ શકશે.

# વિધવાઓને સહાયના બહાને એક મહિલાએ ૬૩ હજારનો ચુનો લગાવ્યો

## ગાંધીનગર મામલતદાર કચેરીમાં વિધવા સહાયની કામગીરી કરતી હોવાની ઓળખ આપી સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં લોકોને બોલાવ્યા હતા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મામલતદાર કચેરીમાં વિધવા સહાયની કામગીરી સંભાળતી હોવાનું કહીને એક મહિલાએ કેટલાક લોકોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલમાં બોલાવી વિધવા સહાય આપવાની લાલચ આપી તેમની પાસેથી સોનાના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૬૩,૬૧૦ની મત્તા લઈ લીધા બાદ ચુનો લગાવી દીધો હોવાનું ઘટના પ્રકાશમાં આવી છે. સેકટર-૭ પોલીસમથકમાં મનીષાબેન નામની મહિલા સામે આ ગુના સંદર્ભે ફરીયાદ કરતા પોલીસે છેતરપીંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

કલોલના નારદીપુર ગામના રોહીતવાસમાં રહેતા પ્રકાશભાઈ કરશનભાઈ વાઘેલાએ નોંધાયેલી પોલીસ ફરીયાદ મુજબ તેમને તથા અન્ય કેટલીક વ્યક્તિઓ કે જેને વિધવા સહાય લેવાની હતી. તે લોકોને ગઈ કાલે ૨જી ફેબ્રુઆરીએ ૧૦.૩૦ થી બપોરે બે વાગ્યા સુધીમાં એક મહિલાએ બોલાવ્યા હતા. ગાંધીનગર મામલતદાર કચેરીમાં વિધવા સહાયની કામગીરી કરતી હોવાની તથા પોતાનુ નામ મનિષા હોવાની ઓળખ આપીને તેણીએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલમાં સહાય આપવાની લાલચ આપી બોલાવ્યા બાદ સોનાના દોરા તથા રૂ. ૩૧૧૦ રોકડા મળી કુલ રૂ. ૬૩,૬૧૦ પડાવ્યા બાદ મહિલા રફુચક્કર થઈ ગઈ હતી. છેતરપીંડી અને વિશ્વાસઘાત બદલ પ્રકાશભાઈએ આપેલી ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી તે મહિલાની શોધખોળ શરૂ કરી છે.



સંત રોહીદાસની ૬૩૮મી જયંતિ પ્રસંગે નગરમાં ઠેર ઠેર શોભા યાત્રા નીકળી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)



શહેરનાં વિશાળ ખુલ્લા રસ્તાઓ પર બેફામ ગતિથી દોડતા વાહનોને ધીમી ગતિથી રોકવા જાણે મુશ્કેલ બની ગયા છે. રોજ એક અકસ્માત થાય જ છે. ઘ રોડ પર ૬/૭ બસ સ્ટેન્ડ પાસે એક કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. જેને કારણે નુકશાન થયું હતું. સદનસીબે કોઈને વાગ્યું ન હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# હાઈ સિકયોર મહાત્મા મંદિરમાંથી વધુ એક ચોરી

## પાસપોર્ટ ઓફીસરનું લેપટોપ, ટેબલેટ, આઈ-ફોન મુકેલી બેગ ઈ-ગવર્નન્સ કોન્ફરન્સ વખતે ચોરાઈ ગઈ હતી : રૂ. ૧.૪૬ લાખની મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૩

હાઈ સિકયોર ઝોન ગણાતા ગાંધીનગર શહેરના મહાત્મા મંદિર ખાતે ચોરીઓની ઘટના વધવા લાગી છે. તાજેતરમાં સ્ટીલ એકઝીબીશન દરમિયાન ત્રણ ત્રણ એકઝીબીટર્સની કેશ ચોરાઈ જવાની ઘટના બની હતી ત્યારે વધુ એક ચોરી ૩૦મી જાન્યુઆરીએ યોજાયેલા ઈ ગવર્નન્સ કોન્ફરન્સ કાર્યક્રમ દરમિયાન થવા પામી હતી. પાસપોર્ટ ઓફીસરનું લેપટોપ, ટેબલેટ, આઈ ફોન સહિતની ચીજવસ્તુ જે બેગમાં મુકી હતી તે બેગ જ ચોરાઈ ગઈ હોવાની ફરિયાદ સે-૭ પોલિસ મથકે નોંધાવા પામી છે. રૂ. ૧.૪૬ લાખની મત્તાની ચોરી અંગે ગુનો દાખલ કરી પીએસઆઈ એ.કે. ભરવાડે વધુ તપાસ શરુ કરી છે.

અમદાવાદ ખાતે સ્થિત પાસપોર્ટ સ્ટાફ કવાટર્સમાં રહેતા હરીશભાઈ અર્જુનભાઈ માલાણીએ ફરીયાદ નોંધાવી છે કે તેમના ઉપરી અધિકારી પાસપોર્ટ ઓફીસર ઝેડ. એ. ખાન ૩૦ જાન્યુઆરીએ શહેરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલી ઈ-ગવર્નન્સ કોન્ફરન્સ કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં તે સમયે તેમણે તેમની બ્લેક બેગમાં રૂ. ૭૦ હજારની કિંમતનું એપલ કંપનીનું લેપટોપ, ૧૭ હજારની કિંમતનું લેનોવો કંપનીનું ટેબલેટ, રૂ. ૫૧ હજારનો આઈફોન-૫, રૂ. ૮ હજારની કિંમતના બે ચાર્જર મળીને રૂ. ૧,૪૬,૦૦૦ની કિંમતનો સામાન તથા અન્ય દસ્તાવેજો મુકયા હતા આ આખી બેગ જ મહાત્મા મંદિરમાંથી ચાલુ કોન્ફરન્સ દરમિયાન ચોરી થઈ જવા પામી હતી. સે-૭ પોલિસે ચોરીની ફરિયાદ લઈને ગુનાની ઉંડી તપાસ શરુ કરી સીસીટીવી ફુટેજની તપાસણી આરંભી છે.

# ગૃહમાં સરકારને ભીંસમાં લેવા કોંગ્રેસની રણનીતિ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ખાતે આજે વિધાનસભા કોંગ્રેસના ધારાસભ્યોની મળેલી બેઠકમાં રાજય સરકારને ભીંસમાં લેવા માટેની આક્રમક વ્યુહરચના ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ અંગેની વિગતો પત્રકારોને આપતાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે કોંગ્રેસના ધારાસભ્યોની આજે મળેલી બેઠકમાં રાજયમાં ખેડૂતોને ખેતપેદાશોના પૂરતા ભાવ નહી મળતા હોવા અંગે ભ્રષ્ટાચારે મૂકેલી માઝા, કાયદો અને વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિ સહીતના પ્રજાને સ્પર્શતા મુદ્દાઓ અંગે ચર્ચા કરીને આ મુદ્દાઓને આગામી બજેટ સત્રમાં મુખ્ય મુદ્દા બનાવાનું નક્કી કરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ ચાર વર્ષથી શિયાળામાં સ્વાઈન ફલુનો રોગચાળો વકરવાના કારણે મોટી સંખ્યામાં લોકો મૃત્યુના ભોગ બને છે. આ માટે અમોએ સરકારને આ ગંભીર રોગને કાબુમાં લેવા માટે અખબારી નિવેદનો દ્વારા અપીલ કરી હતી. છતાં આ બાબતે સરકાર નિષ્કાળજી સેવી રહી છે. જેના કારણે દિવસે ને દિવસે સ્વાઈન ફલુ વધારે વકરતો જાય છે અને તેના ખપ્પરમાં વધુને વધુ લોકો હોમાતા જાય છે. આ હવાથી ફેલાતો રોગ છે તેને કાબુમાં લેવો જોઈએ.

કેન્દ્ર અને રાજયની બંને સરકારો સ્વચ્છતા અભિયાનના નામે માત્ર કૃત્રિમ કચરો બહારથી લાવી ઠાલવી અને હાથમાં સાવરણા પકડી તેની સફાઈ કરવા ફોટાઓ પડાવવાના નાટકો અને તાયફામાં રાચી રહી છે. સાચા અર્થમાંરાજય સરકારે સ્વાઈન ફલુના ગંભીર રોગને નાથવા માટે નકકર આયોજન કરવું જોઈએ.

તેમણે હાંસોટની ઘટના બાબતે પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે ભાજપના આગેવાનો અને ધારાસભ્યો ભ્રષ્ટાચારમાં ભાગીદારી કરી રહ્યા છે. તેનો આ ઉત્તમ નમુનો છે. હાંસોટમાં થયેલા કોમી રમખાણો બાદ મેં તેમજ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ સ્થળ મુલાકાત લીધી ત્યારે અવાક બની ગયેલા કે સરકારની પ્રોપર્ટીમાંથી જાણે ખંડણી મેળવવા માટે તથા ભ્રષ્ટાચારમાં ભાગ મેળવવા માટે ભાજપના લોકો આટલી હદ સુધી પણ નીચા ઉતરી શકે છે.

# કોબા ગામે કાદરશા વલીનો ઉર્સ મુબારક

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકાના કોબા ગામે આવેલ હઝરત કાદરશા વલીનો ઉર્સ મુબારક તા. ૪-૨-૨૦૧૫ બુધવારના રોજ શાનો સોકતથી પ્રેમ ભાઈચારાના સંદેશ સાથે ગામના સાથ સહકારથી કોમી એકતાના ભાગરૂપે મનાવવામાં આવશે. આ પ્રસંગે ગામમાંથી નિશાન સાથે જુલુસૅ દરગાહ ઉપર પહોંચશે. ત્યાં સંદલ મુબારક બાદ ચાદર પેશ કરવામાં આવશે. ત્યાર બાદ આમ ન્યાઝનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉર્સ પ્રસંગે ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા દરગાહના ખિદમતગાર યુનુશબાપુએ જણાવેલ છે.

# સેક્ટર-૨૯ પ્રાથમિક શાળામાં વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૩

સેકટર-૨૯/૧ પ્રાથમિક શાળામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. પ્રજાસત્તાક દિનની ઉજવણીના ઉપક્રમે દેશભક્તિ ગીત હરિફાઈ વક્તૃત્વ હરિફાઈ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. ગાંધી નિર્વાણ દિનના ઉપક્રમે ચિત્ર હરિફાઈ યોજવામાં આવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કેન્ટીન-ડેની ઉજવણી ધો. ૬, ૭, ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી. જેમાં ખાણી-પીણીના વિવિધ સ્ટોલ બનાવી બાળકોને આર્થિક રીતે પગભર થવાની પ્રવૃત્તિ કરવામાં આવી. શિક્ષકશ્રી રશ્મિબેન આનંદે જહેમત ઉઠાવી હતી. બાળકો ગણિત-વિજ્ઞાનમાં રસ લે તે માટે શ્રી શીતલબેન બારોટ દ્વારા રોકેટનું નિર્માણ અવકાશમાં ઉડતુ મુકવાની પ્રવૃત્તિનુ નિદર્શન કરાયુ હતુ. શિક્ષકોએ ખુબ રસ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આચાર્યશ્રી મીનાક્ષીબેન જોષીએ અભિનંદન આપ્યા હતા.

## મહિલા હેલ્પલાઈન ‘અભયમ્’ને એક વર્ષ પૂર્ણ

# મહિલાઓ પર અત્યાચાર અને ઘરેલુ હિંસામાં ગાંધીનગર ચોથા ક્રમે

## સૌથી વધુ અમદાવાદ અને સૌથી ઓછુ દમણમાં હેલ્પલાઈનનો ઉપયોગ થયો : એક વર્ષમાં રાજ્યમાંથી ૧૫ હજારથી વધુ કોલ

ગાંધીનગર, તા. ૩

મહિલાઓ સામે થતી ઘરેલુ કે અન્ય પ્રકારની હિંસા, દૂર્વ્યવહાર કે છેડતી જેવી ઘટના દરમિયાન તાત્કાલિક બચાવ અને સલાહ સૂચનની કામગીરી કરી ૨૪ કલાક સેવા આપતી વિશેષ હેલ્પલાઈન ૧૮૧ ‘અભયમ’ મહિલા હેલ્પ લાઈનને ગુજરાતમાં એક વર્ષ પુર્ણ થયું છે. રાજ્યના અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ યુવતિ-મહિલાઓએ આ હેલ્પલાઈનનો ઉપયોગ કર્યો છે. જ્યારે ગાંધીનગર જિલ્લો અભયમ હેલ્પલાઈન સેવામાં ચોથા ક્રમે છે.

અમદાવાદ જિલ્લામાં ૫૧૩૩, સુરતમાં ૩૨૪૩, વડોદરામાં ૧૦૧૪, જ્યારે ગાંધીનગરમાં ૬૯૯, મહિલા યુવતિઓએ એક વર્ષમાં અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કરી મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર નીકાળવાનો માર્ગ મેળવ્યોછે.

મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સામાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ-માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે ‘હેલ્પલાઈન’ની સુવિધાની ઉપલબ્ધીની આવશ્યકતા જણાતા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને જેવીકે ઉમરી દ્વારા સંકલિત રીતે ‘૧૮૧ અભયમ’ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે.

પ્રથમ તબક્કે આ સેવા તાલિમ બદ્ધ મહિલા કાઉન્સેલર સાથે રેક્સ્યુ વાન સહિત અમદાવાદ શહેર, સુરત શહેર તેમજ ગાંધીનગર જિલ્લામાં શરૂ કરવામાં આવી હતી. પણ સેવાની વિશ્વસનીયતા તેમજ સુદ્દઢ માળખાનાં કારણે રાજ્યના તમામ જિલ્લાઓમાંથી મુશ્કેલીના સમયે મહિલાઓ દ્વારા આ હેલ્પલાઈનની મદદ લેવાઈ રહી છે. આ હેલ્પલાઈનને મળેલા પ્રતિસાદને ધ્યાનમાં રાખી આગામી ટુંક સમયમાં જ આ ૧૮૧ હેલ્પલાઈનનો વ્યાપ રેક્સ્યુ વાન સહિત સમગ્ર રાજ્યમાં કરવામાં આવશે. માત્ર ૧ વર્ષના ટુંકા સમયગાળામાં જ ૧૫૦૦૦ કરતાં વધારે મહિલાઓને વિકટ પરિસ્થિતિમાં સલાહ, બચાવ-માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું છે. અને ૧૮૧એ અનેક મહિલાઓના જીવનમાં નવી આશા જગાડી છે.

CALL 181
મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન

આ પ્રસંગે જશવંત પ્રજાપતિ ચિફ ઓપરેટિંગ ઓફીસર, જીવીકે ઈએમઆરઆઈ ‘ગુજરાતના ૬.૩ કરોડ ગુજરાતીઓને શુભકામના આપતા કહે છે કે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ગુજરાત સરકાર દ્વારા મહિલા સશક્તિકરણના ક્ષેત્રમાં એક ખુબ મહત્વની સેવા તરીકે સાબિત થઈ છે. આ સેવાથી મહિલાઓને કટોકટીની પળોમાં તાત્કાલિક પ્રતિસાદ આપી મુંજવણ અને મુશ્કેલ પરિસ્થિતિમાં એક સ્વજનની જેમ સાથે રહી ગુજરાતમાં વિશ્વાસ સંપાદન કર્યો છે.

આજના દિવસે તેઓશ્રીએ ગુજરાત સરકારનો આભાર માનવાસદ ગુજરાતની ૧૮૧ અભયમની ટીમની સરાહના કરતાં જણાવ્યું કે સમગ્ર દેશમાં એક અભિનવ હેલ્પલાઈન તરીકે કાર્ય કરી મહિલા સશક્તિકરણની દિશામાં ગુજરાતે શ્રેષ્ઠ ગુણવત્તાનું આદર્શ રાજ્ય બનવા પામેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૯
સૂર્યાસ્ત : ૬.૩૦

## તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૨ ટકા ● સાંજે ૪૦ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**

ખામોસીયાં : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૨ :**

બેબી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩ :**

હવાઈજાદા : ૧૧.૦૦, ૧.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

આઈ : ૪.૦૦

### સિનેમેક્સ,

**: સ્ક્રીન-૧ :**

૩ડી સેવન્થ સન (હિન્દી) : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૪૦, ૮.૦૫, ૧૦.૩૦

બેબી : ૨.૨૫

**: સ્ક્રીન-૨ :**

બેબી : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**

ખામોસીયાં : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

**સ્ક્રીન-૪ :**

હવાઈજાદા : ૯.૦૫, ૧૨.૨૦, ૩.૩૫, ૬.૫૦,૧૦.૦૫

## આપની આજ

**મેષ** : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની શકે છે.નાણાંકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બને. વિશેષ કાર્યો માટે યાત્રા પ્રવાસ વગેરે થશે.

**વૃષભ** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યો થશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વિદેશનાં અટકેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**મિથુન** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિ થઈ શકશે. આર્થિક પ્રવૃત્તિઓ માટે વિશેષ દોડધામ અને ગહન સંશોધનનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**કર્ક** : જ્ઞાન વૃદ્ધિના કાર્ય થશે. રાજકીય ક્ષેત્રમાં ધન વૃદ્ધિનો વિશેષ યોગ. કાર્યક્ષેત્રે સમય સફળતા અપાવનારો બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.

**સિંહ** : વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. આર્થિક ક્ષેત્રમાં વિશેષ યાત્રાઓ અને મહત્વપૂર્ણ પ્રવૃત્તિ થઈ શકે છે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે.

**કન્યા** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. પ્રતિષ્ઠા ઉપલબ્ધિ વિશેષ ચિંતન સંબંધી વિશેષ યોગ. યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. જૂના સ્નેહી મિત્રો સાથે મુલાકાત થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**તુલા** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે. ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. જીવનસાથીનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.માંગલિક પ્રસંગોનું આયોજન થઈ શકે છે.

**વૃશ્ચિક** : પ્રયત્નોથી સફળતા મળશે. વ્યાપારી વર્ગને લાભ થવાની શકયતાઓ છે. ભાગ્યોદયની તક મળી રહે.સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

**ધન** : બુદ્ધિથી મુશ્કેલી દૂર થશે. આરોગ્યની કાળજી રાખવી. આર્થિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું બની શકે છે. કૌટુંબિક સમસ્યાઓ થઈ શકે છે.

**મકર** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. જૂના મિત્રો- સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકે છે. તમારા પ્રયાસોની લોકો પ્રશંસા કરશે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. અટકાયેલા કાર્યો પૂર્ણ થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકે છે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. વિરોધી હેરાન કરવાની સંભાવના છે.

## ચિરવિદાય

- સ્વ. અરવિંદકુમાર પ્રહલાદજી ઠાકર (ઉ.વ.૭૫) મુ. પાલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. લીલાબેન શંકરલાલ ભાવસાર (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૧૩૦૭/૧, સેકટર-૨, ગાંધીનગર